Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુકૃત અનુમોદના

લેખક :—

સ્વ. પરમારાધ્યપાદ વિશાલગચ્છાધિપતિ સિદ્ધાંત-મહોદધિ શ્રીમદ્ આચાર્ય ભગવંતશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પૂજ્યપાદ પરમ શાસનપ્રભાવક તપોનિધિ આચાર્યદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના શિષ્ય પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજ

પ્રકાશક :-

શ્રી પ્રેમસૂરીશ્વરજી જૈન સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ
'પુનિત' બંગલો નં. ૬
સ્મૃતિકુંજ કોલોની
નવરંગપુરા, અમદાવાદ. ૯

પ્રથમ સંસ્કરણ
નકલ : ૧૦૦૦
વિ. સં. ૨૦૩૪, મૌન એકાદશી

મૂલ્ય : રૂા. ૦-૮૦ પૈસા

(સર્વ હક્ક સંસ્થાને સ્વાધીન)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રેમસૂરીશ્વરજી જૈન સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટના માનવંતા કાયમી સભ્યોની શુભ નામાવલી

૧ વનમાળાબેન રમણલાલ ચેવલાવાળા પ્રાણદાતા.
૨ એક મુમુક્ષુ સદ્ગૃહસ્થ, શાંતાક્રુઝ–શ્રુત પ્રચારક
૩ શાન્તિલાલ ભોગીલાલ શાહ, માલેગામ, „ „
૪ કાન્તિલાલ ચીમનલાલ કોલસાવાળા, અમદાવાદ „ „
૫ કીર્તીકરભાઈ ચુનીલાલ શાહ, અમદાવાદ „ „
૬ નવરંગપુરા શ્વેતાં. મૂર્તિ સંઘ અમદાવાદ „ „
૭ શાન્તિલાલ ખેતશી ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ „ „
૮ ફકીરચંદજી મોતીલાલજી પોરવાલ, રતલામ „ „
૯ રતનબેન પારેખ, રતલામ „ „
૧૦ ઋષભદેવ કેશરીમલજી જૈન પેઢી „ „ „
૧૧ ભબુતમલજી જુહારમલજી,
૧૨ પ્રકાશચન્દ્ર પોરવાડ,

Serving JinShasan
082177
gyanmandir@kobatirth.org

( સર્વ હક્ક પ્રકાશન સંસ્થા ટ્રસ્ટને સ્વાધીન )

---

મુદ્રક :– કાન્તિલાલ ડાહ્યાભાઈ પટેલ
મંગલ મુદ્રણાલય રતનપોળ, ફતેહભાઈની હવેલી, અમદાવાદ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુકૃત અનુમોદનાનો મહિમા

સુકૃત અનુમોદના સઘળાયે ધર્મોનું મૂળ છે. સકલ શાસ્ત્રોનું રહસ્ય છે. જેઓ સુકૃત અનુમોદના કરતા નથી તેઓ ધર્મના પથ પર આવેલા જ નથી. સુકૃત અનુમોદનાનું મૂળ સુકૃતનો દૃઢ રાગ છે. સુકૃતના દૃઢ રાગ વગર સાચી સુકૃત અનુમોદના થઇ શકતી નથી.

સર્વજ્ઞ શતક ગ્રંથમાં લખ્યું છે કે-કરણ-કારણાનુમોદનાસુ તિસ્ટષ્વપિ અનુમોદનૈવ પ્રધાન !

સુકૃત જાતે કરવું, પ્રેરણા-ઉપદેશથી બીજા પાસે સુકૃત કરાવવું અને સુકૃત કરનાર-કરાવનારની અનુમોદના કરવી આ કરણ-કરાવણ અને અનુમોદનામાં અનુમોદના જ પ્રધાન (મુખ્ય) છે. કેમ કે તે જ ધર્મસ્ય મૂલ કારણં !

જાતે સુકૃત કરવાનું તો કદાચ કોઈ લોભલાલચ-ભયથી-શરમથી પણ થાય, સુકૃત કરાવવાનું પણ કદાચ લોકરંજન, માન-સન્માન-પ્રસિદ્ધિ ખાતર થાય, પણ સુકૃતની અનુમોદના તો હૃદયમાં પૂર્ણ સુકૃતનો રાગ-બહુમાન હોય તો જ થાય. તેથી સુકૃત અનુમોદના એકાંતે ધર્મ છે. સુકૃત અનુમોદના જેણે કરી તેણે નિશ્ચિત ધર્મ કર્યો. કરણ-કરાવણમાં તો ધર્મ થાય કે ન પણ થાય-નિશ્ચિત નહિ.

આ સુકૃત અનુમોદના હર્ષમૂલક છે. સુકૃત કરવાનો ઉત્સાહ-ઉમંગાત્મક છે. પોતાનું કે બીજાઓનું સુકૃત જોઈ, સાંભળી સંભાળી દીલમાં આનંદ-આનંદ વ્યાપી જવો તેનું નામ છે સુકૃત-અનુમોદના. આ સુકૃત અનુમોદના સિદ્ધિની સીડી છે. સઘળા યે ધર્મોની આધારશીલા છે. સકલ ધર્મોની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જનેતા છે. સકલ સુકૃતોની કમાણી કરવાનો શ્રેષ્ઠ કિમીયો છે. સિદ્ધિનો સરળ–સૂક્ષ્મ અને શુદ્ધ શ્રેષ્ઠ માર્ગ છે.

સુકૃત અનુમોદના મનનો ધર્મ છે. માત્ર મન દ્વારા થતી સાધનાનું મહત્ત્વ ઘણું છે. ભલે જગત આ સુકૃત અનુમોદનાના ધર્મને ન જોઇ શકે, કે ન જાણી શકે પણ આ ગુપ્ત મંત્ર જેવી આરાધનાનું મહત્ત્વ ખૂબજ છે. સિદ્ધિ વધૂની શ્રેષ્ઠ દ્યુતિ હોય તો આ સુકૃત અનુમોદના છે.

દુષ્કૃત્યો પ્રત્યેની અત્યંત દુગંછામાંથી આ સુકૃતની અનુમોદનાનો જન્મ થાય છે. દુષ્કૃત્યો પ્રત્યેનો અત્યંત દ્વેષજ સુકૃત પ્રત્યેનો અત્યંત રાગ–પ્રેમ–પક્ષપાત ઉત્પન્ન કરે છે. જેમ જેમ દુષ્કૃત્ય પ્રત્યેનો દ્વેષ વધતો જાય તેમ તેમ સુકૃત પ્રત્યેનો રાગ પણ વધતો જાય છે. જ્યાં દુષ્કૃત્ય પ્રતિ પૂર્ણ દ્વેષ ત્યાં સુકુત પ્રતિ પૂર્ણ રાગ. બસ આટલું સિદ્ધ થયું તો સમજવું કે સિદ્ધિગતિ હવે દૂર નથી. સિદ્ધિ વધૂનો સમાગમ શીઘ્ર થયો સમજો.

આ નાના કદવાળા પુસ્તકનો જન્મ સુકૃતની રોજ અનુમોદના કરતાં–કરતાં જ થયો છે. એક ધન્ય દિવસે મને સુકૃતની અનુમોદના કરતાં કરતાં વિચાર આવ્યો કે હે જીવ! તું તો રોજ સુકૃતની અનુમોદના કરી આત્માનંદ લૂંટે છે, પણ શાસ્ત્ર જ્ઞાન વિનાના કે સ્વયં અનુપ્રેક્ષા કરવામાં અક્ષમ એવા મુમુક્ષુ જીવોને પણ આ સુકૃતની અનુમોદના કરવાનો મહાન લાભ મળે માટે તું આ સુકૃત–અનુમોદનાને શબ્દ દેહ આપે તો ?

બસ આ ભવ્ય ભાવના આવતાં જ આ પુસ્તક લખવાનું શરૂ કર્યું અને દેવ ગુરૂની કુપાથી ત્રણેક દિવસમાં પુસ્તક લખાઈને તૈયાર પણ થઈ ગયું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
## શ્રી ભુવન ભાનુસૂરીશ્વરજી સદ્‌ગુરૂભ્યો નમઃ

(૧) શીવનગર દર્શક અનંત ઉપકારી તીર્થંકર દેવોને ધન્ય છે કે જેઓ સર્વથા કૃતકૃત્ય હોવા છતાં સત્ત્વહિતાય આનિર્વાણ રોજ બે પ્રહર ભવ્ય દેશના આપી ભવ્યજીવો પર અનંત અનંત ઉપકારની વર્ષા વર્ષાવી !

(૨) ધન્ય છે અનંતાનંત સિદ્ધભગવંતોને કે જેઓએ સકલ દેહાદિ સંગનો ત્યાગ કરી અષ્ટ કર્મોના બંધન તોડી શાશ્વત સુખ અને આનંદને પ્રાપ્ત કર્યો. !

(૩) ધન્ય છે આચાર્ય ભગવંતોને કે જેઓ સ્વયં પંચાચારનું નિર્મળ પાલન કરે છે અને જગતમાં પંચાચારની પ્રભાવના કરી જિન શાસનના ગૌરવને વધારે છે !

(૪) ધન્ય છે ઉપાધ્યાય ભગવંતોને કે જેઓ જડમતિ જેવા શિષ્યોને પણ શ્રુતરૂપી રત્નોનું દાન દઈ મોક્ષ દાનના અધિકારી બનાવે છે !

(૫) ધન્ય છે પાંચમા પદે બિરાજમાન સાધુ ભગવંતોને કે જેઓ નિરંતર નિર્વાણ યોગોની સાધનામાં મગ્ન રહી મોક્ષ માર્ગના પથિકોને સહાય કરે છે !

(૬) ધન્ય છે ગૌતમાદિગણધર ભગવંતોને કે જેઓએ તીર્થંકર ભગવંતોના શ્રીમુખે ત્રિપદીનું શ્રવણ કરી દિવ્ય દ્વાદશાંગીની અંતમુહૂર્તમાં શ્રેષ્ઠ રચના કરી !

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૭) ધન્ય છે ધન્ના અણુગારને કે જેઓએ ભર યૌવનમાં બત્રીસ કરોડ સૌનેયા અને બત્રીસ દેવાંગના જેવી યુવાન સ્ત્રીઓનો ત્યાગ કરી ભગવાન મહાવીરના ચરણ કમળમાં જીવનનું સમર્પણ કરી જીંદગી પર્યંત છઠ્ઠના પારણે આયંબિલની ઉગ્ર તપશ્ચર્યા કરી !

(૮) ધન્ય છે શાલીભદ્ર મહામુનિને કે જેને ફુલની સુકોમળ શય્યા પણ ખૂંચતી તેણે ભગવાન મહાવીર પાસે દીક્ષા લઈ અંતે વૈભારગિરિની ધગધગતી શીલા પર સુઇને પાદપોદગમન અનશન કર્યું !

(૯) ધન્ય છે સ્વાતિ અને નક્ષત્ર મહાસાત્વિક ગુરૂભક્તોને કે જેઓ ગુરૂ ભગવાન મહાવીર ખાતર ગોશાલાની તેજોલેશ્યાના શિકાર બની તુરત બારમા સ્વર્ગના મોંઘેરા મહેમાન બન્યા !

(૧૦) ધન્ય છે પરમ સોભાગી લોહાર્ય મહામુનિને કે જેણે રોજ ગુરૂ ભગવાન મહાવીર માટે ઉચિત આહાર–પાણી વહોરી લાવી ભાવથી ભગવાનની ભક્તિ કરી !

(૧૧) ધન્ય છે પ્રસન્નચંદ્ર રાજર્ષિને કે જેઓએ મહાન સામ્રાજ્યનો ત્યાગ કરી ભગવાન મહાવીરનું શરણ સ્વીકારી સ્મશાનમાં જઈ પગ ઉપર પગ ચઢાવી પ્રચંડ સૂર્યના તાપમાં સૂર્ય સામે દ્રષ્ટિ લગાડી ધ્યાનમાં ખડા રહી આતાપના લેતાં કેવળ જ્ઞાન પામ્યા !

(૧૨) ધન્ય છે શ્રેણિકનંદન અભયકુમાર મહામુનિને કે જેઓએ મગધના વિશાળ સામ્રાજ્યનો મોહ છોડી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાન મહાવીર પાસે દીક્ષા લઈ સંયમ રમણીને સાધી સર્વાર્થસિદ્ધવિમાનના સ્વામિ બન્યા !

(૧૩) ધન્ય છે રાજપુત્રી ચંદનબાલાને કે જેણીએ ભગવાન મહાવીરને પાંચ મહિના અને પચ્ચીસ દિવસના નિર્જલ ઉપવાસનું પારણું અડદના બાકુલા વહો-રાવી કરાવ્યું !

(૧૪) ધન્ય છે ચંદનબાલા આર્યાની શિષ્યા મૃગાવતીજીને કે જેણીએ પોતાના અલ્પ પણ પ્રમાદની તીવ્ર નિંદા કરતાં કરતાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું !

(૧૫) અહો ! ધન્ય છે જંબુસ્વામિને કે જેઓએ ઉગતી યુવાનીમાં નવ્વાણુ કરોડ સોનામહોરોનો અને આઠ રૂપવંતી ગુણવંતી નવોઢા સ્ત્રીઓનો તત્કાળ ત્યાગી બાલબ્રહ્મચારી બની સુધર્માસ્વામિ ગણધર પાસે ચારિત્ર લઈ ચરમકેવલી બન્યા !

(૧૬) ધન્ય છે જંબુસ્વામિના પટ્ટધર પ્રભવસ્વામિને કે જેઓ સંસારીપણામાં પાંચસો ચોરો સાથે જંબુસ્વામિના શયનગૃહમાં ચોરી કરવા આવેલા એવા તેઓએ રત્નત્રયીની ચોરી કરી કર્મચોરને જ જપ્ત કરી દીધો !

(૧૭) ધન્ય છે આર્યરક્ષિત સૂરિજીને કે જેઓએ પોતાની જનેતાને ખુશ કરવા ખાતર ઉગતી યુવાનીમાં સમસ્ત સાંસારિક સુખોનું બલિદાન આપી દઈ સાડાનવપૂર્વો ભણીને જૈનશાસનના શણગાર બની માતાની આશા પૂર્ણ કરી !

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧૮) ધન્ય છે શય્યંભવસૂરિ મહારાજાને કે જે મોટા બ્રાહ્મણ પંડિત હોવા છતાં માત્ર જિનમૂર્તિને જોતાં જ પ્રતિબોધ પામી પ્રભવસ્વામિ પાસે પ્રવજ્યા સ્વીકારી તેઓના ચૌદપૂર્વધર પટ્ટધર બન્યા !

(૧૯) ધન્ય છે દુર્બલિકા પુણ્યમિત્રના સ્વાધ્યાય રસને કે જે રોજ એકપાત્રું ભરી ઘી વાપરવા છતાં સ્વાધ્યાયના ભારે પરિશ્રમના કારણે દુબળા રહેતા !

(૨૦) ધન્ય છે સ્થૂલભદ્ર સ્વામિને કે જેઓ કોશ્યા વેશ્યાની ચિત્રશાલામાં ચોમાસું રહી રોજ ષટરસ ભોજન કરવા છતાં જરાયે વિકારી ન બન્યા !

(૨૧) ધન્ય છે બાલ વજ્રકુમારને કે જેને જન્મતાં જ દીક્ષાની ધૂન લાગી અને તેની ખાતર લાગટ છ-છ મહિના સુધી રડીને પણ પોતાનું પ્રિય પ્રાપ્ત કર્યું !

(૨૨) ધન્ય છે હરિભદ્રસૂરિજી મહારાજાને કે જેઓએ પોતાના દીક્ષાજીવન દરમ્યાન ૧૪૪૪ ગ્રંથરત્નોની અદ્‌ભુત રચના કરી શ્રી સંઘ ઉપર મહાન ઉપકાર કર્યો. !

(૨૩) ધન્ય છે હીરસૂરિજી મહારાજાને કે જેઓએ મહા-હિંસક એવા મુસલમાન બાદશાહ અકબરને પ્રતિબોધ કરી છ-છ મહિના સુધી સમસ્ત દેશમાં અહિંસાનો ઝંડો ફરમાવ્યો !

(૨૪) ધન્ય છે જગચ્ચંદ્રસૂરિ મહારાજાને કે જેઓએ યાવ-જજીવ આયંબિલ કરવાની પ્રતિજ્ઞા કરી અને તેના

For Private and Personal Use Only

જ કારણે રાજાએ તપાગચ્છનું બિરૂદ આપ્યું !

(૨૫) ધન્ય છે બાલ્યવયના પાદલિપ્તસૂરિજી મહારાજાને કે જેઓએ દિગ્ગજ એવા દિગંબર વાદીને તુરત નિરુત્તર કરી જૈનશાસનનો વિજય ધ્વજ ફરમાવ્યો !

(૨૬) ધન્ય છે હેમચંદ્રસૂરિજી મહારાજાને કે જેઓએ અતિલઘુવયમાં દીક્ષા લઈ સરસ્વતીનો પ્રસાદ પ્રાપ્ત કરી કુમારપાળરાજાને જૈનધર્મી બનાવી અઢારે દેશમાં અહિંસા દેવીનું સામ્રાજ્ય સ્થાપિત કર્યું !

(૨૭) ધન્ય છે વસ્તુપાળ-તેજપાલની બાંધવ બેલડીને કે જેઓએ પોતાના જીવનકાળ દરમ્યાન સેંકડો શીલ્પમય કલાત્મક દેવાવમાન જેવાં વિશાલકાય જિનમંદિરો બંધાવ્યાં, લાખો નયનરમ્ય જિનબિંબ ભરાવ્યાં અને છત્રીસ લાખ જ્ઞાનભંડારો બનાવ્યા !

૨૮) ધન્ય છે કુમારપાળ રાજાને કે જેણે પોતાના ગુરૂ હેમચંદ્રસૂરિજીના સદુપદેશથી પોતાના અઢારે દેશોમાં અમારીનું પ્રવર્તન કરાવ્યું અને ૧૪૪૦ નૂતન જિન-મંદિરોનો જિર્ણોદ્ધાર કરાવ્યો, સાત મોટા જ્ઞાનભંડારો બનાવ્યા, શત્રુંજય અને ગિરનાર તીર્થનો છ'રી પાળતો મોટો સંઘ કાઢયો, કરોડો સોનામહોરો સાધર્મિકોના ઉદ્ધારમાં ખર્ચી અને પરમાર્હતના બિરુદને પામ્યા !

(૨૯) ધન્ય છે વિક્રમરાજાને કે જેણે સિદ્ધસેનદિવાકર-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂરિજીના ઉપદેશથી સિદ્ધગિરિનો છ'રી પાળતો મોટો સંઘ કાઢયો કે જેમાં ૭૦ લાખ કુટુંબો અને ૫૦૦૦ આચાર્યો હતા !

(૩૦) ધન્ય છે વસ્તુપાળમંત્રીને કે જેણે છ'રી પાળતા સિદ્ધગિરિના અને ગિરનાર તીર્થના સાત સાત મોટા સંઘો કાઢયા !

(૩૧) ધન્ય છે ભરતચક્રવર્તીને કે જેણે યાવજ્જીવ સાધર્મિક ભક્તિ, ચોવિસે જીનેશ્વર દેવોનાં અષ્ટાપદ પર્વત ઉપર સોનાનાં મંદિરો સ્વ-સ્વ કાયા પ્રમાણ ચોવિસે તીર્થંકર દેવોની રત્નોની પ્રતિમાઓ ભરાવી અને અંતે આરિસા ભવનમાં ઉત્તમ ભાવના ભાવતા ભાવતા કેવળજ્ઞાન પામ્યા !

(૩૨) ધન્ય છે ઋષભદેવ ભગવાનના સો પુત્રોને કે જેઓ દીક્ષા લઈ મોક્ષમાં ગયા !

(૩૩) ધન્ય છે ઋષભદેવ ભગવાનના વંશને કે જેમાં ઉત્પન્ન થયેલા અસંખ્યેય રાજાઓ દીક્ષા લઈ કેટલાક મોક્ષમાં અને કેટલાક અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા !

(૩૪) ધન્ય છે સગરચક્રવર્તીના ૧૦ હજાર પુત્રોને કે જેઓ અષ્ટાપદ તીર્થની રક્ષા કરતા કરતા શહીદ બની બારમા દેવલોકમાં ગયા !

(૩૫) ધન્ય છે લબ્ધિધારી વિષ્ણુકુમાર શ્રમણ શ્રેષ્ઠિને કે જેઓએ દુષ્ટ નમુચીને સખ્ત સજા કરવા લાખ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોજનની કાયા બનાવી સકલ સંઘની રક્ષા કરી !

(૩૬) ધન્ય છે જગડુશા શેઠને કે જેણે બાર વર્ષના ભયંકર દુષ્કાલમાં મોટી ૧૨૦૦ દાનશાળાઓ ખોલી નાંખી. મૃત્યુના મુખમાં જતા લાખો મનુષ્યોની રક્ષા કરી !

(૩૭) ધન્ય છે સંપ્રતિ રાજાને કે જેણે આર્યસુહસ્તિ મહારાજાના સદુપદેશથી સવા લાખ જિનમંદિરો અને સવા ક્રોડ જિન પ્રતિમાઓ બનાવરાવી !

(૩૮) ધન્ય છે કર્માશાહને અને વાગ્ભટ્ટ મંત્રીને કે જે શ્રાવક શ્રેષ્ઠિએ સિદ્ધગિરિ મહાતીર્થનો ઉદ્ધાર કરાવ્યો !

(૩૯) ધન્ય છે તે અનંતા મહામુનિઓને કે જેઓ સિદ્ધગિરિ ઉપર અનશન કરીને મોક્ષમાં ગયા !

(૪૦) ધન્ય છે તે શ્રીપાળરાજા અને મયણા સુંદરી દંપત્તિને કે જેઓએ શ્રેષ્ઠ નવપદની આરાધના કરીને નવપદનો જગતમાં ખૂબ મહિમા વધાર્યો !

(૪૧) ધન્ય છે હેમચંદ્રસૂરીશ્વરજીના શિષ્યરત્ન રામચંદ્રસૂરીજીને કે જેઓએ ગુરૂ આજ્ઞા પાલન ખાતર પોતાના પ્રાણનું બલિદાન આપી ગુરૂભક્તિનો આદર્શ જગતને આપ્યો !

(૪૨) ધન્ય છે યશોભદ્રસૂરિજીને કે જેઓએ પોતાની આચાર્ય પદવી વખતે યાવજ્જીવ ફક્ત આઠ જ કોળીયાથી આયંબિલ કરવાનો ઘોર અભિગ્રહ કર્યો !

(૪૩) ધન્ય છે સૌભાગ્ય નિધિ શ્રેયાંસકુમારને કે જેણે

For Private and Personal Use Only

યુગાદિ દેવને દીક્ષા બાદ ૪૦૦ દિવસના ચોવિહાર ઉપવાસનું પ્રથમ પારણું ઇક્ષુરસથી કરાવ્યું !

(૪૪) ધન્ય છે ધર્મરુચિ અણગારને કે જેઓએ જીવો પરની અત્યંત કરૂણાથી ઝેરી તુંબડાનું શાક પેટમાં પધરાવી અનશન કરી અનુત્તર વિમાનમાં પહોંચ્યા !

(૪૫) ધન્ય છે ક્ષમાભંડાર ખંધકસૂરિના પાંચસો શિષ્યોને કે જેઓ ઘાણીમાં પીલાતાં પીલાતાં સમભાવથી કેવલી બની સિદ્ધિ વધૂને વર્યા !

(૪૬) ધન્ય છે સમતાના સાગર ખંધકઋષિને કે જેઓના શરીરની આખી ચામડી રાજાના સેવકો ઉખાડવા આવ્યા તો તેઓને ભાઈથી પણ ભલા માની સમ ભાવથી ઉખેડવા દીધી અને પોતે કર્મની સંપૂર્ણ ખાલ ઉતારી ભવસાગર તરી ગયા !

(૪૭) ધન્ય છે ગુણવંતા ગજસુકુમાલ મહામુનિને કે જેઓ સોમિલ સસરાએ કરેલા ભયંકર મરણાંત ઉપસર્ગને સમભાવે સહન કરતા કરતા સિદ્ધિગતિને વર્યા !

(૪૮) ધન્ય છે ઝાંઝરિયા ઋષિને કે જેઓનું શિર રાજાએ તલવારથી ઉડાવી દીધું છતાં સમતારસમાં ઝીલતા રહી તત્કાળ કેવળજ્ઞાન પામી મોક્ષ મહેલમાં પધાર્યા !

(૪૯) ધન્ય છે મેતારજ ઋષિને કે સોનીએ મનમાં શંકા લાવી ભર તડકામાં મુનિરાજને ઉભા રાખી માથા ઉપર લીલી વાધર બાંધી તેથી મસ્તક ફાટી જવા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છતાં સોની પર જરાયે રોષ કર્યા વિના પોતાના દુષ્ટ કર્મોની નિંદા કરતા કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા !

(૫૦) ધન્ય છે અવંતી સુકુમાલને કે જેઓએ ૩૨ ક્રોડ સોનૈયા અને બત્રીસ રૂપવંતી સ્ત્રીઓનો ત્યાગ કરી રાતોરાત આર્યસુહસ્તી મહારાજા પાસે જઈ દીક્ષા લઈ તેજ રાતના કંથેરી વનમાં જઇ કાઉસ્સગ્ગ ધ્યાનમાં નિશ્ચળ ઊભા રહ્યા ત્યારે શિયાલણી દ્વારા આખું શરીર ચવાઇ જવા છતાં સમ્યગ્ સહન કરી નલિની ગુલ્મ વિમાનમાં પહોંચ્યા !

(૫૧) ધન્ય છે સતી શિરોમણિ સીતાને જેણીએ મહાન સંકટમાં પણ શીલની રક્ષા કરી જગતની સ્ત્રીઓને શીલનો આદર્શ પૂરો પાડ્યો !

(૫૨) ધન્ય છે સુભદ્રા મહાસતીને કે જેણીએ શીલના પ્રભાવે સુતરના કાચા તાંતણાથી ચાયણી બાંધી કુવામાંથી પાણી કાઢી ચંપાનગરીનાં દ્વાર ઉઘાડયાં !

(૫૩) ધન્ય છે સતીશ્રેષ્ઠ મદનરેખાને કે જેણીએ શીલ રક્ષા ખાતર રાજમહેલનો ત્યાગ કરી જંગલમાં ભાગી. વિદ્યાધરે પોતાની પત્ની બનવા કહ્યું તો પણ સતીત્વથી ચલિત ન બનતાં ભાગવતી પ્રવજ્યાનું શરણ લઈ સદ્ગતિ સાધી !

(૫૪) ધન્ય છે રાવણને કે જેની પ્રભુભક્તિથી પ્રસન્ન થઈ ધરણેન્દ્રે વરદાન માગવા કહ્યું છતાં નિઃસ્પૃહ રહ્યો !

For Private and Personal Use Only

(૫૫) ધન્ય છે રાવણની જિનભક્તિને કે જેણે અષ્ટાપદ તીર્થ ઉપર પ્રભુભકિતમાં તલ્લીન બની તીર્થંકર નામ કર્મ બાંધ્યું !

(૫૬) ધન્ય છે પુણિયા શ્રાવકને કે જેના સામાયિક અને સાધર્મિક ભકિતની પ્રશંસા ત્રિભુવનપતિ ભગવાન મહાવીરે બાર પર્ષદા સમક્ષ કરી !

(૫૭) ધન્ય છે ઋષભદેવ ભગવાનની પુત્રી સુંદરીને કે જેણીએ દીક્ષા માટે સાઠ હજાર વર્ષો સુધી આયંબિલનો તપ કરી કાયાને કૃશ કરી નાંખી !

(૫૮) ધન્ય છે બાહુબલીજીને કે જેણે મોટા ભાઈ ભરત ચક્રવર્તીને મારવા ઉપાડેલી મુષ્ઠિ વડે મોહનૃપને જ મારી નાંખ્યો !

(૫૯) ધન્ય છે આર્યમહાગિરિ મહારાજાને કે જેઓ જિનકલ્પનો વિચ્છેદ થવા છતાં પણ જિનકલ્પીની જેમ કઠોર શ્રેષ્ઠ સાધુજીવન જીવ્યા !

(૬૦) ધન્ય છે આર્ય વજ્રસ્વામિજીને કે જેઓને ભરયૌ-વનમાં કરોડપતિ શેઠ ધનાજી પોતાની રૂપવંતી કન્યા અને કરોડ સોના મહોર આપવા આવ્યા છતાં તેને લાત મારી અને રુકમીણી કન્યાને વૈરાગ્યમય ઉપદેશ આપી સાધ્વી બનાવી !

(૬૧) ધન્ય છે તે મહાપુરુષોને કે જેઓ નારીરૂપી મહાન-દીમાં જરાયે ડૂબ્યા વગર તે મહાનદીને પાર કરી ગયા !

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૬૨) ધન્ય છે તે નરવીરોને કે જેઓએ ધનને ધૂળ સમાન માની સાત ક્ષેત્રોમાં તેનો સદ્વ્યય કર્યો !

(૬૩) ધન્ય છે તે સાત્વિક નરવીરોને કે જેઓએ સુદુર્જય એવી પોતાની પાંચે ઇન્દ્રિયોને વશ કરી !

ધન્ય છે તે સ્ત્રી પુરુષોને કે જેઓએ વાસના વિકારોને જરાયે વશ થયા વિના તેનો વિનાશ કર્યો !

(૬૪) ધન્ય છે તે ચતુર્વિધ સંઘને કે જેને શુદ્ધ દેવ ગુરૂ ધર્મ ઉપર પૂર્ણ બહુમાન હોય અને નિષ્કામ ભાવથી શુદ્ધ દેવગુરૂ ધર્મની સેવામાં સદા તત્પર હોય !

(૫૫) ધન્ય છે તે સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકાઓને જે નિત્ય જિનેશ્વરદેવના પ્રવચનની અને તીર્થની ઉન્નતિ કરે છે !

(૬૬) ધન્ય છે તે સ્ત્રી પુરુષોને કે જેઓ ભવભયથી ભાગી ભગવાન જિનેશ્વરદેવના શરણમાં ગયા !

(૬૭) ધન્ય છે તે નર નારીઓને કે જેઓને ભવ અને ભવના ભોગો પ્રત્યે દીલમાં પૂર્ણ અભાવ છે અને જિનેશ્વર દેવ અને તેઓના વચન પ્રત્યે દીલમાં પૂર્ણ ભાવ (સદ્ભાવ) છે !

(૬૮) ત્રણ ભુવનમાં તે ભવ્ય જીવોને ધન્ય છે કે જેઓ સર્વથા કામ ભોગોથી સદા સર્વથા વિરક્ત બનેલા છે !

(૬૯) તે ભવ્ય જીવોને ધન્ય છે કે જેઓને જિન અને જિનવચન ઉપર અવિહડ રાગ છે !

(૭૦) ધન્ય છે તે સાધુ-સાધ્વી ભગવંતોને કે જેઓ જિનાજ્ઞાનું શુદ્ધ અને સંપૂર્ણ પાલન કરી રહ્યા છે !

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૭૧) ધન્ય છે તે શ્રમણ–શ્રમણીઓને કે જેઓ નિત્ય તપ સંયમમાં ભારે શ્રમ કરે છે !

(૭૨) નવવાડી વિશુદ્ધ બ્રહ્મચર્યવ્રતનું પાલન કરતા સાધુ–સાધ્વી ભગવંતોને ધન્ય છે !

(૭૩) જિનવચનાનુંસારી જે સાધુ–સાધ્વી ભગવંતોની મન વચન કાયાની નિત્ય પ્રવૃત્તિ હોય તેઓને સદા ધન્ય છે !

(૭૪) અષ્ટપ્રવચન માતાનું નિર્મળ પાલન કરી રહેલા સાધુસાધ્વીભગવંતોને ધન્ય છે !

(૭૫) સત્તરવિધ સંયમનું શુદ્ધ પાલન કરી રહેલા સાધુ–સાધ્વી ભગવંતોને ધન્ય છે !

(૭૬) સંપૂર્ણ સાધુ સામાચારીનું સમ્યગ્ પાલન કરી રહેલા સાધુ–સાધ્વી ભગવંતોને સદા ધન્ય છે !

(૭૭) ક્ષમાદિ દશ પ્રકારના સાધુધર્મનું શુદ્ધ પાલન કરતા શ્રમણો અને શ્રમણીઓને સદા ધન્ય છે !

(૭૮) જે સાધુસાધ્વી ભગવંતો રોજ આહાર શુદ્ધિ, વસ્ત્ર–શુદ્ધિ, પાત્રશુદ્ધિ, વસતિશુદ્ધિ બરાબર સાચવે છે તેઓને સદા ધન્ય છે !

(૭૯) દીક્ષા લીધા પછી જે સાધુ–સાધ્વી ભગવંતોએ પોતાની પાંચે ઇન્દ્રિયોને, મનને, ચાર કષાયોને, નવનો કષા–યોને અને દશ સંજ્ઞાઓને વશ કરી છે તેઓને મારા કરોડોવાર ધન્યવાદ છે !

For Private and Personal Use Only

(૮૦) રત્નત્રયીની આરાધનામાં ચોવિસે કલાક સદા અપ્રમત્ત એવા સાધુ–સાધ્વી ભગવંતોને ધન્ય છે!

(૮૧) સ્વપ્રશંસા અને પરનિંદાથી સદા અલિપ્ત એવા સાધુસાધ્વી ભગવંતોને ધન્ય છે!

(૮૨) ચાર પ્રકારની ધર્મકથા કરતા અને ચાર પ્રકારની વિકથા ન કરતા એવા સાધુ–સાધ્વી ભગવંતોને સદા ધન્ય છે!

(૮૩) અપ્રતિબદ્ધ વિહારી સાધુ–સાધ્વી ભગવંતોને સદા ધન્ય છે!

(૮૪) સદા જ્ઞાન ધ્યાન, તપ જપ પરાયણ એવા સાધુ–સાધ્વી ભગવંતોને સદા ધન્ય છે!

(૮૫) નિર્મમ, નિર્મોહી, નિરહંકારી એવા શ્રમણ–શ્રમણીઓને કોટિશઃ ધન્યવાદ!

(૮૬) મનથી પણ જે સાધુ–સાધ્વી–ભગવંતો સાવદ્યની લેશમાત્ર અનુમોદના કદીયે કરતા નથી તેઓને સદા ધન્ય છે!

(૮૭) ત્રણ શલ્યથી, ત્રણ ગારવથી, ત્રણ દંડથી રહિત એવા સાધુ–સાધ્વી–ભગવંતોને સદા ધન્ય છે!

(૮૮) રોજ અાન્ત–પ્રાન્ત, અરસનિરસ નિર્દોષ આહાર લાવી વાપરતા હોય તેવા સાધુ–સાધ્વી ભગવંતોને સદા ધન્ય છે!

(૮૯) નિષ્પ્રતિકર્મા (દેહની જરાયે શુશ્રુષા કરતા નથી તે) સાધુ–સાધ્વી ભગવંતોને ધન્ય છે!



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૯૦) જે સાધુ-સાધ્વી ભગવંતો નિત્ય નિરંતર ધર્મધ્યાન-શુક્લધ્યાન ધ્યાવે છે તેઓને ધન્ય છે!

(૯૧) રોજ મોટેભાગે જે સાધુ-સાધ્વી ભગવંતો કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેતા હોય તેઓને ધન્ય છે!

(૯૨) અનુકૂલ કે પ્રતિકૂલ ઘોર ઉપસર્ગોને સમતાભાવે અદીન મનથી સહન કરતા હોય તેવા સાધુ-સાધ્વી ભગવંતોને સદા ધન્ય છે!

(૯૩) સર્વત્ર સમચિત્તને ધારણ કરતા સાધુ સાધ્વી ભગવંતોને ધન્ય છે!

(૯૪) જે સાધુ-સાધ્વી ભગવંતોને કોઇપણ વસ્તુ ઉપર રાગ નથી, દ્વેષ નથી, મોહ નથી, તેવા સાધુશ્રેષ્ઠ શ્રમણ-શ્રમણીઓને સદા ધન્ય છે!

(૯૫) જ્ઞાનદષ્ટિવાળા, તત્ત્વદષ્ટિવાળા ગુણદ્રષ્ટિવાળા સાધુ-સાધ્વી ભગવંતોને સદા ધન્ય છે!

(૯૬) જ્ઞાન ગર્ભિત વૈરાગ્યને ધારણ કરનારા સાધુ-સાધ્વી ભગવંતોને ધન્ય છે!

(૯૭) જે સાધુ-સાધ્વી ભગવંતો મન વચન કાયાથી પોતાના ગુરૂ મહારાજને અનુકૂલ બનીને પ્રસન્નચિત્તે ખડે પગે ગુરૂનું વિનય-વૈયાવચ્ચ કરતા હોય તેઓને ધન્ય છે!

(૯૮) તે સુગુરૂઓને ધન્ય છે કે જેઓ અપ્રમત્તભાવે રોજ સાધુ-સાધ્વીના ગચ્છને સારણા-વારણા-ચોયણા-પડિચોયણા કરી રહ્યા છે!

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૯૯) ધન્ય છે બાહુ અને સુબાહુ મહામુનિઓને કે જેઓ રાજવૈભવોનો ત્યાગ કરી દીક્ષા લઈ રોજ પાંચસો-પાંચસો સાધુઓની વીર્યોલ્લાસથી વૈયાવચ્ચ કરતા હતા !

(૧૦૦) ધન્ય છે વૈયાવચ્ચી નંદીસેન મહામુનિને કે જેઓ નિત્ય છઠ્ઠના પારણે છઠ્ઠ કરતા હોવા છતાં ગ્લાન સાધુનીએ વૈયાવચ્ચનું જેઓને મહાન વ્રત હતું !

(૧૦૧) તે મહાપુરુષોને ધન્ય છે કે જેઓએ રાજસભામાં જઈ વાદમાં મોટા પરવાદીઓને જીતી લઈ જૈન શાસનનો વિજયધ્વજ ફરમાવ્યો !

(૧૦૨) તે શ્રમણસિંહોને ધન્ય છે કે જેઓએ દીક્ષા લઈ પાદપોદગમન, ઇંગીની કે ભક્તપરિજ્ઞા અનશન કરી દેહનો ત્યાગ કર્યો !

(૧૦૩) તે શ્રમણ-શ્રમણીઓને ધન્ય છે કે જેઓએ દીક્ષા લઈ કાયાની માયા મૂકી વિકૃષ્ટ તપ કરી કરીને કાયા, કર્મો અને કષાયોને કૃશ કરી નાંખ્યા !

(૧૦૪) તે શ્રમણસિંહોને ધન્ય છે કે જેઓએ દીક્ષા લઈ તુરત જાવજીવ માટે છયે વિગઈઓનો ત્યાગ કર્યો !

(૧૦૫) તે સાધુ-સાધ્વી ભગવંતોને ધન્ય છે કે જેઓએ દીક્ષા લઈ તુરત જાવજીવ માટે આયંબિલ કરવાનો ઘોર અભિગ્રહ કર્યો !

(૧૦૬) જે શ્રમણસિંહો નિત્ય નવા નવા દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવના ઘોર અભિગ્રહો ધારણ કરતા હોય તેઓને ધન્ય છે !

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧૦૭) જે સાધુ-સાધ્વી ભગવંતોમાં વિનય, વિવેક, વૈરાગ્ય, વિરતિ, વૈયા-વચ્ચ વગેરે ગુણો હોય તેઓને સદા ધન્ય છે!

(૧૦૮) જે બહુશ્રુત મહાપુરુષોએ પંચાંગી આગમોની ઉત્તમ રચના કરી તેઓને ધન્ય છે!

(૧૦૯) તે મહાપુરુષોને ધન્ય છે કે જેઓએ પોતાના પ્રાણના ભોગે પણ જિનમંદિરો અને જિનમૂર્તિઓની રક્ષા કરી!

(૧૧૦) તે નરવીરોને ધન્ય છે કે જેઓએ પોતાના પ્રાણના ભોગે પણ સંઘ અને શાસનની રક્ષા કરી!

(૧૧૧) તે સાત્વિક પુરુષોને ધન્ય છે કે જેઓએ પોતાના પ્રાણોનું બલિદાન આપી જિનાગમોની અને શત્રું-જયાદિની તીર્થોની રક્ષા કરી!

(૧૧૨) તે સાત્વિક શિરોમણિ મહાપુરુષોને ધન્ય છે કે જેઓએ સાધ્વીઓ અને સતીઓના શીલની રક્ષા પોતાના પ્રાણની બાજી લગાવીને પણ કરી!

(૧૧૩) તે પુરૂષસિંહોને કોટિશઃ ધન્યવાદ છે કે જેઓએ જિનશાસનના શત્રુઓનો પ્રતિકાર પોતાના પ્રાણના ભોગે પણ કર્યો!

(૧૧૪) તે શ્રાવકસિંહોને ધન્ય છે કે જેઓએ પોતાના પ્રાણના ભોગે પણ દેવદ્રવ્ય, ગુરૂદ્રવ્ય જ્ઞાનદ્રવ્ય અને સાધારણ દ્રવ્યની રક્ષા કરી!

For Private and Personal Use Only

(૧૧૫) તે આસન્ન ભવ્યજીવોને ધન્ય છે કે જેઓનું ચોવિસેકલાક મન જિનેશ્વર દેવોના શ્રુતધર્મ અને ચારિત્ર ધર્મમાં લીન છે!

(૧૧૬) તે મહાપુરુષોને ધન્ય છે કે જેઓ ચોવિસે કલાક જિનેશ્વરદેવોનું ધ્યાન ધરે છે!

(૧૧૭ ચોવિસે કલાક જિનેશ્વરદેવોના નામનો પવિત્રતમ સતત અજપાજાપ જાપ જપતા હોય તેવા જિન ભક્તોને ધન્ય છે!

(૧૧૮) જિનેશ્વર દેવો અને જિનેશ્વર દેવોના ધર્મનો ખૂબ મહિમા વધારી રહ્યા હોય તેવા શાસન-ભક્તોને ધન્ય છે!

(૧૧૯) ત્રણ ભુવનમાં જે ભવ્યાત્માઓ જિનમતિ-શાસ્ત્રમતિ વાળા હોય તેઓને સદા ધન્ય છે!

(૧૨૦) જે ઉત્તમ આત્માઓ દેવ ગુરૂ ધર્મની સેવામાં જરાયે પ્રમાદ કરતા ન હોય તેઓને સદા ધન્ય છે!

(૧૨૧) જેઓની જિન ભકિત, ગુરૂ ભકિત, આગમ ભકિત, સાધર્મિક ભકિત, સંઘ ભકિત સર્વોત્કૃષ્ટ હોય તેઓને ધન્ય છે!

(૧૨૨) જે ઉત્તમ આત્માઓમાં દાન, શીલ, તપ, ભાવ, સંવેગ, વૈરાગ્ય, કર્મનિર્જરા, અભિગ્રહો, સમતા, ક્ષમા, દયા, સત્ય, શૌચ, સંયમ, વિનય, વિવેક, પરોપાકારાદિ ગુણો સર્વશ્રેષ્ઠ હોય તેઓને ધન્ય છે!

(૧૨૩) તે લઘુકર્મી આત્માઓને ધન્ય છે કે જેઓના હૃદયમાં દેવ ગુરૂ સંઘ અને પ્રવચન પ્રત્યે અકૃત્રિમ ભક્તિ ઉલ્લસિત થઈ છે!

(૧૨૪) દેવાધિદેવ, સદ્‌ગુરૂ, સંઘ અને શત્રુંજયાદિ તીર્થોના દર્શને જેઓના આનંદથી રોમ રોમ ખડામથઈ જતા હોય તેવા પુણ્યાત્માઓને ધન્ય છે!

(૧૨૫) જે પુણ્યાત્માઓ ઉપકારીઓના ઉપકારને કદીયે ભૂલતા ન હોય તેવા કૃતજ્ઞી જીવોને ધન્ય છે!

(૧૨૬) જે મહાપુરુષોના મનરૂપી મંદિરમાં ચોવિસે કલાક મૈત્રી આદિ ભાવનાઓ રમતી હોય તેઓને ધન્ય છે!

(૧૨૭) જે ભવ્યાત્માઓ રોજ જિનેશ્વર દેવનું, નવપદનું, ધર્મદાતા ગુરૂનું, શેત્રુંજય આદિ તીર્થોનું એકચિત્તથી ધ્યાન ધરતા હોય તેઓને ધન્ય છે!

(૧૨૮) જે પુણ્યાત્માઓને જિનભક્તિમાં, ગુરૂભક્તિમાં, આગમ ભક્તિમાં, તીર્થભક્તિમાં ભારે આનંદ આવતો હોય તેઓને સદા ધન્ય છે!

(૧૨૯) રોજ સવારમાં દેવ ગુરૂનાં દર્શન વંદન કર્યા સિવાય પાણી પણ મોંઢામાં નાંખતા ન હોય તેવા પ્રિયધર્મા-દઢ ધર્મા પુણ્યાત્માઓને સદા ધન્ય છે!

(૧૩૦) રોજ જિનસ્તુતિ, ગુરૂસ્તુતિ, આગમ સ્તુતિ ભાવથી કરતા હોય તેવા આત્માઓને ધન્ય છે!

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧૩૧) તે નરોત્તમોને ધન્ય છે કે જેઓ વ્રતમાં, શીલમાં, સમકિતમાં અને સંયમમાં ખૂબજ દૃઢ છે !

(૧૩૨) જે મહાપુરુષો પ્રાણના સંકટમાં પણ જરાયે મનથી, વ્રતથી, શીલથી, સમ્યકત્વથી અને સંયમથી ચલિત નથી બન્યા તેઓને કોટિશઃ ધન્યવાદ !

(૧૩૩) જે પુણ્યાત્માઓને જિનપ્રિય હોય, જિનવચનપ્રિય હોય, જિનાજ્ઞાપ્રિય હોય, મોક્ષ અને મોક્ષમાર્ગ ખૂબ પ્રિય હોય તેઓને સદા ધન્ય છે !

(૧૩૪) જે શ્રાવકશિરોમણિઓએ સાત ક્ષેત્રોની ભકિતમાં પોતાનું તમામ તન મન ધન ખર્ચી નાંખ્યું તેઓને ધન્ય છે !

(૧૩૫) જે સાત્વિક પુરુષોએ પોતાના પ્રાણના ભોગે પણ બીજા જીવોના પ્રાણોની રક્ષા કરી તેઓને ધન્ય છે !

(૧૩૬) મૃત્યુના મુખમાં જતા પ્રાણીઓને બચાવ્યા તેવા દયાળુ પુરુષોને ધન્ય છે !

(૧૩૭) મરતા જીવોને નવકારમંત્ર સંભળાવ્યો તેઓને પણ ધન્ય છે !

(૧૩૮) તે સજ્જનોને ધન્ય છે કે જેઓ બીજાઓના સુખે સુખી, દુઃખે દુઃખી થાય છે !

(૧૩૯) જે ઉત્તમ પુરુષો સુખમાં લીન થતા નથી અને દુઃખમાં દીન બનતા નથી તેઓને ધન્ય છે !

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧૪૦) શુભાશુભ કર્મના ઉદયમાં જે હર્ષ-શોક ન કરતાં સમભાવ રાખે છે તેવા ઉત્તમ પુરુષોને ધન્ય છે !

(૧૪૧) પરનું સુખ અને ગુણો દેખી જેઓના હૃદયમાં ખૂબ આનંદ થતો હોય તેઓને સદા ધન્ય છે !

(૧૪૨) જે ઉત્તમ પુરુષો રોજ ગુણ-ગુણીની, જ્ઞાન-જ્ઞાનીની પૂજા-ભક્તિ કરતા હોય તેઓને ધન્ય છે !

(૧૪૩) જે ઉત્તમ પુરુષોએ દીક્ષાર્થીઓનાં, દીક્ષિતોનાં, તપસ્વીઓનાં, જિનભકતોનાં ગુરૂભકતોનાં, શાસન ભકતોનાં, બ્રહ્મચારીઓનાં બહુમાન કર્યાં તેઓને ધન્ય છે !

(૧૪૪) તે ઉત્તમશ્રાવક-શ્રાવિકાઓને ધન્ય છે કે જેઓએ ધામધૂમથી અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવો, દીક્ષા મહોત્સવો, અષ્ટાન્હિકા મહોત્સવો, ગુરૂદેવોના નગર પ્રવેશ મહોત્સવો ઉદારતાથી ઉલ્લાસ-ઉમંગથી ઉજવ્યા !

(૧૪૫) તે મહા શ્રાવક-શ્રાવિકાઓને ધન્ય છે કે જેઓએ ઉદારતાથી છ'રી પાળતા શત્રુંજ્યાદિ તીર્થોના મહાન સંઘો કાઢયા !

(૧૪૬) ઉપધાન-ઉજમણાં કરનાર-કરાવનાર શ્રાવક-શ્રાવિકા-ઓને ધન્ય છે !

(૧૪૭) જે મહાપુરુષો વિધિમાર્ગનું પ્રતિપાદન, અવિધિનો નિષેધ કરતા હોય, વિધિમાર્ગમાં જગતના જીવોને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોડતા હોય, વિધિનો પૂર્ણ રાગ હોય, અને વિધિ-પૂર્વક ક્રિયા કરનારાઓની ખૂબ અનુમોદના-પ્રશંસા કરતા હોય તેવા પ્રવચન ભકતોને ધન્ય છે !

(૧૪૮) જે શ્રાવક શ્રેષ્ઠો બીજા ધર્મના આરાધકોને તેઓની આરાધનામાં યથાશકિત રોજ મદદ કરતા હોય તેઓને ધન્ય છે !

(૧૪૯) બીજા જીવોનો દેવગુરૂ ધર્મની સેવા કરવાનો ઉત્સાહ વધારતા હોય તેવા પરોપકારી જીવોને સદા ધન્ય છે !

(૧૫૦) ધર્મ સાધનામાં અસ્થિર થયેલા આત્માઓને ધર્મમાં સ્થિર કરવા પ્રયત્ન કરતા હોય તેઓને સદા ધન્ય છે !

(૧૫૧) પ્રવચનનું માલિન્ય દૂર કર્યું કે કરતા હોય તેઓને ધન્ય છે !

(૧૫૨) તપસ્વીઓને અંતર વાયણાં-પારણાં કરાવ્યાં તેઓને ધન્ય છે !

(૧૫૩) સારાયે સંઘનું સાધર્મિક વાત્સલ્ય કર્યું તેઓને ધન્ય છે !

(૧૫૪) દુષ્કાળમાં હજારો-લાખો સાધર્મિકોની ઉત્તમ આહાર-પાણીથી ભક્તિ કરી તેઓને ધન્ય છે !

(૧૪૫) દરિદ્રી અવસ્થામાં પણ ભાવથી દાન દીધું તેવા દાનપ્રિય જીવોને ધન્ય છે !

(૧૫૬) ભરયૌવનમાં પણ નિર્મળ બ્રહ્મચર્યવ્રતનું પાલન કર્યું તેવા સ્ત્રી-પુરુષોને સદા ધન્ય છે !

(૧૫૭) જે શ્રાવક-શ્રાવિકાઓએ જિનેશ્વર દેવોની અંગુષ્ઠ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમાણથી માંડી પાંચસો ધનુષ્ય પ્રમાણ જિનપ્રતિમાઓ ભરાવી તેઓને ધન્ય છે !

(૧૫૮) જે મહાશ્રાવકોએ નાનામાં નાના ઘર દહેરાસરથી માંડી વિશાળકાય શિલ્પમય ૮૪ મંડપ યુક્ત દહેરાસરો બંધાવ્યાં તેઓને ધન્ય છે !

(૧૫૯) જે શ્રાવકશ્રેષ્ઠોએ જિનમંદિરોના જિર્ણોદ્ધાર કર્યા-કરાવરાવ્યા તેઓને સદા ધન્ય છે !

(૧૬૦) જે મહાનશ્રાવકોએ શત્રુંજયાદિ તીર્થોના ઉદ્ધારો કર્યા-કરાવરાવ્યા તેઓને સદા ધન્ય છે !

(૧૬૧) જે શ્રાવક-શ્રાવિકાઓએ એકથી માંડી લાખો જ્ઞાન-ભંડારો બનાવ્યા-બનાવરાવ્યા તેઓને ધન્ય છે !

(૧૬૨) જે શ્રાવકશિરોમણિઓએ સોનાની શાહીથી, ચાંદીની શાહીથી આગમો લખાવ્યાં તેઓને ધન્ય છે !

(૧૬૩) જેઓએ આગમોની પૂજા-દર્શનવંદન-સત્કાર-સન્માન-સ્તુતિ કરી તેઓને સદા ધન્ય છે !

(૧૬૪) જેઓ વિધિપૂર્વક આગમભણ્યા-બીજાઓને ભણાવ્યા, ભણતાને સહાય કરી તેઓને સદા ધન્ય છે !

(૧૬૫) જેઓએ બધા આગમોના ભવ્ય વરઘોડા કાઢી જિનાગમોનો મહિમા વધાર્યો તેઓને સદા ધન્ય છે !

(૧૬૬) જેઓએ આગમોને સુરક્ષિત રાખવા સ્ટીલનાં, ચાંદીનાં, લાકડાનાં કબાટો સંઘને ભેટ આપ્યાં તેઓને ધન્ય છે !

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧૬૭) જ્ઞાનનો રોજ ૫૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ અને ૫૧ ખમાસમણાં વિધિપૂર્વક દેતા હોય તેઓને ધન્ય છે !

(૧૬૮) જિનમંદિરોનો અને તીર્થોનો વહિવટ જે સુશ્રાવકો શાસ્ત્રવિધિ મુજબ કરતા હોય તેઓને ધન્ય છે !

(૧૬૯) ભૂતકાળમાં અનંત ચક્રવર્તીઓ, અનંતા બલદેવો, અનંતા રાજા-રાણીઓ, અનંતા રાજકુમારો, અનંતી રાજકુમારીઓ, અને અનંતા ધનકુબેરોએ સ્વાધીન વિપુલ ભોગો વૈભવોનો ત્યાગ કરી દીક્ષા લઈ ભવસાગર તરી ગયા તેઓને કોટિશઃ ધન્ય છે !

(૧૭૦) રોજ વારંવાર સ્વ-પરના સુકૃતની ખૂબ અનુમોદના સ્વના દુષ્કૃતની ખૂબ નિંદા-ગર્હા કરતા હોય તેઓને સદા ધન્ય છે !

(૧૭૧) ત્રણ ભુવનમાં જે જીવો ખૂબજ ભવભીરૂ-પાપભીરૂ, હોય તેઓને ધન્ય છે !

(૧૭૨) જે શ્રાવક-શ્રાવિકાઓએ ભવ્ય સંઘપૂજન, ગુરૂપૂજન, જ્ઞાનપૂજન કર્યાં તેઓને સદા ધન્ય છે !

(૧૭૩) જે ભાગ્યશાળીઓ વારંવાર જિનેશ્વર દેવોને અને જિનાગમોને આગળ કરી દરેક કામ કરતા હોય તેઓને સદા ધન્ય છે !

(૧૭૪) જેઓની ક્રિયા શુદ્ધ હોય, ભાવના શુદ્ધ હોય તેઓને સદા ધન્ય છે !

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧૭૫) જેઓને જિનભકિતનો ગુરૂભકિતનો, જિનવાણીનો, સંયમ ધર્મનો, શીવરમણીનો ભારે રંગ લાગ્યો હોય તેઓને સદા ધન્ય છે !

(૧૭૬) ત્રણભુવનમાં જે પુણ્યાત્માઓને જિનભકિત, ગુરૂ-ભકિત, આગમ ભકિત, સંઘભક્તિ, સાધર્મિક ભક્તિ, દાન, શીલ, તપ, જપ, પરોપકાર વગેરેનું ભારે વ્યસન હોય તેઓને ધન્ય છે !

(૧૭૭) તે શ્રમણસિંહોને ધન્ય છે કે જેઓએ દીક્ષા લઈ જિનકલ્પ ભિક્ષુની બાર પ્રતિમાઓ અને યથાલન્દિક કલ્પને વહન કર્યો !

(૧૭૮) તે શ્રમણરત્નોને ધન્ય છે કે જેઓએ દીક્ષા લઈ સંપૂર્ણ ચૌદપૂર્વ, દશપૂર્વ, નવપૂર્વ યાવત્ એક પૂર્વ સંપૂર્ણ ભણ્યા અને બીજા યોગ્ય શ્રમણોને તે પૂર્વોની ભવ્ય વાચનાઓ આપી !

(૧૭૮) તે પુણ્ય શ્રમણોને ધન્ય છે કે જેઓને દીક્ષામાં કેવળજ્ઞાનાદિ લબ્ધિઓ ઉત્પન્ન થઈ !

(૧૮૦) ચોવિસે કલાક જયણાપૂર્વક જીવન જીવતા શ્રમણ-શ્રમણી ભગવંતોને સદા ધન્ય છે !

(૧૮૧) જે સાધુ-સાધ્વી, શ્રાવક, શ્રાવિકાઓએ સિદ્ધગિરિની નવ્વાણુ યાત્રા અને ચોવિહારો છટ્ઠ કરી સાત યાત્રાઓ વિધિપૂર્વક ઉલ્લાસ-ઉમંગથી કરી તેઓને ધન્ય છે !

(સમાપ્ત)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્ત વિજયજી મહારાજશ્રીનાં અન્ય મનનીય આધ્યાત્મિક આકર્ષક પુસ્તકો.

| | | |
|---|---|---|
| જૈન દર્શન દર્પણ | | ૫-૦૦ |
| નવપદ ઉપાસના | | ૫-૦૦ |
| આગમ અનુપ્રેક્ષા | | ૫-૦૦ |
| યોગ દર્શન | પ્રવચન પુસ્તકો | ૩-૫૦ |
| વૈરાગ્ય પ્રવચનો | પ્રવચન પુસ્તકો | ૩-૦૦ |
| ષોડશક પ્રવચનો | પ્રવચન પુસ્તકો | ૨-૫૦ |
| વીતરાગ વાણી | પ્રવચન પુસ્તકો | ૩-૦૦ |
| પ્રવચન પરાગ | પ્રવચન પુસ્તકો | ૨-૫૦ |
| સંયમનો સાચો સાથી | | ૨-૦૦ |
| સંસ્કાર ધન ભાગ-૧ થી ૮ | | [illegible]-૦૦ |
| સિદ્ધાંત મહોદધિ પ્રેમસૂરીશ્વરજી | | ૧-૦૦ |
| સરળ નવતત્વ | | ૧-૦૦ |
| શલ્યોદ્ધાર | | ૧-૦૦ |
| તત્વ ચિંતન | | ૦-૮૦ |
| બાળકોની વાતાંઓ | | ૦-૮૦ |
| ચિંતન | | ૦-૭૫ |
| વિશ્વવંદ્ય ભગવાન મહાવીર | | ૦-૫૦ |
| વૈરાગ્યમય વાર્તાઓ | | ૩-૦૦ |
| મુમુક્ષુ અને મિચ્છામિદુક્કડં | | ૦-૮૦ |
| અધ્યાત્મ ભાવના | | ૦-૮૦ |
| સુકૃત અનુમોદના | | ૦-૮૦ |
| તત્વજ્ઞાન શ્રેણીનં ... શન) | | ૧૦-૦૦ |

Serving JinShasan
082177
gyanmandir@kobatirth.org

(૧) શ્રી પ્રેમસૂરીશ્ ... પ્રકાશન ટ્રસ્ટના શ્રીમોતીલાલ વાઘજીભાઈ પટેલ ઠે. પુનિત, ૬, સ્મૃતિકુંજ કોલોની નવરંગપુરા અમદાવાદ-૯

... તીલાલ વી. જૈન ઠે. મહા- ...ાલી, ઝવેરી બજાર, પહેલે માળે, મુંબઈ-૩

(૩) અખિલ ભારતીય સંસ્કૃતિ ભવન, ઠે-નીશાપોળ, રીલીફરોડ, અમદાવાદ-૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુકૃત અનુમોદના

લેખક
મુનિરાજશ્રી ધર્મગુપ્ત 'વિજયજી'

For Private and Personal Use Only